**જી.સી.ઇ.આર.ટી. ખાતેના લેક્ચરર સંવર્ગની કુલ ૨૫૩ ખાલી જગ્યાઓ ૧૧ માસના કરાર આધારે સંશોધન અને તાલીમ સહાયક માટેના ઉતિર્ણ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયા માટેની**

# માર્ગદર્શિકા

## 1) ઉમેદવારના નામ /અટક બાબત જરૂરી આધારો

ઉમેદવારે પોતાની અરજીમાં દર્શાવેલ નામ, પિતાનું નામ અને અટકની ચકાસણી તેણે રજૂ કરેલા આધાર-પુરાવા જેમકે શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્ર, લાયકાતના પ્રમાણપત્રો-ગુણપત્રકો, ઓળખ કાર્ડ (આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ વિગેરે)માં દર્શાવેલ નામ, પિતાના નામ, અને અટક સાથે સરખામણી કરવાની રહેશે. આ તમામ અસલ આધાર પુરાવાની ભૌતિક ચકાસણી કરવી તેમજ તેની ઉમેદવાર દ્વારા સ્વપ્રમાણિત કરેલ નકલ મેળવવી. ઉમેદવારના નામમાં ભાઇ/બહેન, કુમાર/કુમારી જેવા નાના તફાવત હોય, તેમજ મહિલા ઉમેદવારના કિસ્સામાં તેઓના નામ ફેરફારમાં લગ્ન પ્રમાણપત્રની ચકાસણી આપની કક્ષાએ યોગ્ય ચકાસણી કરી જરૂરી આધાર મેળવી ગ્રાહ્ય રાખી શકાય.

જે ઉમેદવારોના વિવિધ રજુ કરાયેલ આધારોમાં નામ/અટકમાં ફેરફાર હોય તો ફેરફાર અન્વયે સોગંદનામું /સરકારી ગેઝેટની નકલ / પરિણીત મહિલા ઉમેદવારના કિસ્સામાં જે ઉમેદવારે પોતાના નામની પાછળ પતિનું નામ દર્શાવેલ હોય તે માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ રજુ કરવાની રહેશે.

## 2) ઉમેદવારની વયમર્યાદા

ઉમેદવારની મહત્તમ વયમર્યાદા અરજીની છેલ્લી તારીખે ૪૨ વર્ષની રાખવામાં આવેલ છે. આથી ઉમેદવાર અરજીની છેલ્લી તારીખે ૪૨ વર્ષની વધુની વય ધરાવતો નથી તેની ચકાસણી તેના શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રના આધારે કરવાની રહેશે.

## 3) શાખા તથા વિષય પસંદગી (PSTE માટે)

ઉમેદવારે અરજીમાં દર્શાવેલ શાખા તથા વિષય પસંદગી મુજબ પસંદગી યાદીમાં સમાવેશ કરેલ હોઇ ચેકલીસ્ટમાં ઉમેદવારની શાખા તથા વિષયની પસંદગીની વિગત દર્શાવવાની રહેશે.

## 4) શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાતની ચકાસણી

- ✓ ઉમેદવારે જે શાખા માટે પસંદગી દર્શાવેલ હોય ઉમેદવાર તેઓ જીસીઇઆરટીની જાહેરાત ક્રમાંક : ૧/૨૦૨૪-૨૫/૨૧૪૧૩-૪૪૮ તા.૨૧/૦૯/૨૦૨૪ના મુદ્દા નં.૦૩ના ટેબલમાં દર્શાવ્યા મુજબ તેઓની પસંદગીની શાખા મુજબ તથા શાખા માટે વિષય મુજબની શૈક્ષણિક લાયકાત તેમજ વ્યાવસાયિક લાયકાત ધરાવે છે કે કેમ ? તે બાબતની ચકાસણી કરવાની રહેશે.
- ✓ જાહેરાતની જોગવાઇ મુજબ જે તે શાખા અને વિષય માટે માન્ય સંસ્થામાંથી નિયત શૈક્ષણિક સ્નાતક તથા અનુસ્નાતક અને વ્યાવસાયિક સ્નાતક તથા અનુસ્નાતકની લાયકાત, તેના વિષય અને લાયકાત મેળવ્યાની તારીખ/વર્ષ વગેરે તમામ બાબતો ચકાસવાની રહેશે.

- ✓ શૈક્ષણિક સ્નાતક તથા અનુસ્નાતક અને વ્યાવસાયિક સ્નાતક તથા અનુસ્નાતકની લાયકાત લઘુત્તમ લાયકાત તરીકે ફરજિયાત હોય ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલાં લાયકાત મેળવેલ હોય તે ખાસ ચકાસવાનું રહેશે.
- ✓ ઉપરોક્ત બાબતો માટે નીચેના દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે તથા ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ વિગતો excelsheet/pdf સાથે ખરાઇ કરવાની રહેશે.
- ✓ શૈક્ષણિક સ્નાતક તથા અનુસ્નાતક અને વ્યાવસાયિક સ્નાતક તથા અનુસ્નાતકની લાયકાત માટે માન્ય યુનિવર્સિટી બધા જ વર્ષ/સેમિસ્ટરનું ગુણપત્રક
- ✓ લાયકાતનું ડિગ્રી પ્રમાણપત્ર (Provisional Degree Certificate)
- ✓ લાયકાતનું ટ્રાયલ પ્રમાણપત્ર
- ✓ વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતકની લાયકાત જે કોલેજમાંથી મેળવેલ હોય તે કોલેજ યુ.જી.સી./એન.સી.ટી.ઇ./આર.સી.આઇ માન્ય હોવા અંગેનું પ્રમાણત્ર

## 5) શૈક્ષણિક સ્નાતક/અનુસ્નાતક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રાજ્ય બહારની માન્ય યુનિવર્સિટીમાંથી તથા નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ હોવા અંગેની ચકાસણી

- ✓ શૈક્ષણિક સ્નાતક/અનુસ્નાતક યુ.જી.સી માન્ય યુનિવર્સિટીમાંથી તથા વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતકની લાયકાત એન.સી.ટી.ઇ./આર.સી.આઇ માન્ય કોલેજમાંથી મેળવેલ હોવા અંગે વિશેષ ચકાસણી કરવાની રહેશે.
- ✓ નીચે મુજબની **State Open universities** સિવાયની રાજ્ય બહારની **open and distance learning** યુનિવર્સિટીમાંથી દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય રહેશે નહી. ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.

1. DR. B.R.AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), HYDERABAD, A.P.
2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
3. NALANDA OPEN UNIVERSITY (NOU). PATNA, BIHAR
4. YASHWANTRAO CHAVAN MAHARASHTRA OPEN UNIVERSITY (YCMOU), NASHIK, MAHARASHTRA
5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL,M.P.
6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA,W.B.
9. U.P. RAJARSHI TONDAN OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
10. TAMILNADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMILNADU
11. PT.SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAL), UTTARANCHAL
13. K.K. HANDIQUE STATE UNIVERSITY, GUWAHATI, ASSAM.
14. ODISHA STATE OPEN UNIVERSITY, SAMBALPUR, ODISHA.

- ✓ ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી. સાથે જોડાણ ધરાવતી કોલેજોમાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઇપણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

## 6) રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતાં ઉમેદવારો માટે રજુ કરવાના આધારો.

રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબના તમામ આધારો રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

- અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન સર્ટી.)ની નકલ.
- અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની નકલ.
- અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સિટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.
- અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સિટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ
- માન.યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટ્રારનું પ્રમાણપત્ર)
- ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઇ પુરાવો હોય તો તે

7) સંશોધન અને તાલીમ સહાયક (કરાર આધારિત) પરીક્ષામાં મેળવેલ ગુણની ચકાસણી કરવાની રહેશે.

8) મેરીટ યાદી માત્ર અને માત્ર ઉમેદવાર દ્વારા સંશોધન અને તાલીમ સહાયકની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે બનાવેલ છે.

9) ઉપરોક્ત વિગતોની ચેકલીસ્ટ અને રજૂ કરાયેલ આધાર પુરાવા સહિતની વિગતોની ચકાસણી કરવી. કોઇપણ વિગતોમાં વિસંગતતા જણાય તો તેની ચેકલીસ્ટના રિમાર્ક્સ કોલમમાં નોંધ કરવી તેમજ વિગતવાર નોંધ અલગ કાગળ પર કરી તેમાં ઉમેદવારની સહી મેળવી પ્રાચાર્યશ્રીના સહી-સિક્કા સાથે ઉમેદવારના ડોકેટ સાથે સામેલ રાખવો.

10)જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે હાજર રહેલ ઉમેદવારોની યાદી, ગેરહાજર ઉમેદવારો યાદી, હાજર રહેલ ઉમેદવારો પૈકી ડોક્યુમેન્ટ વેરીફીકેશન પૂર્ણ થયેલ ઉમેદવારોની યાદી, ડોક્યુમેન્ટમાં વિસંગતતા ધરાવતા ઉમેદવારોની યાદી, તથા ઉમેદવાર દીઠ ચેકલીસ્ટ, આધાર-પુરાવાની નકલ સહિતનું ડોકેટ બે નકલમાં તૈયાર કરી એક નકલ જીસીઇઆરટીને મોકલી આપવાની રહેશે તથા એક નકલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે રેકર્ડમાં રાખવાની રહેશે.

11)પસંદગી પામેલ ઉમેદવારો આ સાથે સામેલ યાદી મુજબના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો પૈકી કોઇ પણ એક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવી શકશે.

12)નિયત સમયગાળા દરમ્યાન ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાવવાનાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. આ સમયગાળામાં ડોક્યુમેન્ટ વેરીફિકેશન ન કરાવનાર ઉમેદવારને પુન: તક આપવામાં આવશે નહી. તેઓનું નામ યાદીમાંથી રદ કરવામાં આવશે.

13)ઉમેદવારે કરાર આધારિત ભરતી માટે કરેલ અરજીમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના આધારે મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી/અધૂરી અથવા ભૂલભરેલી હશે તો તેઓને ગેરલાયક ઠેરવવામાં આવશે.

14)ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે કુલ જગ્યાના ૨ ઘણા જેટલા ઉમેદવારોનો સમાવેશ કરેલ છે. ડોક્યુમેન્ટ વેરીફિકેશનના અંતે આખરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

*****